Extra No. 314

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, AUGUST 29, 2025 / BHADRA 7, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગસ્ટ, ૨૦૨૫

તારીખઃ ૨૯મી ઓગસ્ટ, ૨૦૨૫-ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૫ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૬નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

કે. એમ. લાલા,
સરકારના સચિવ.

GUJARAT BILL NO. 16 OF 2025.

THE GUJARAT JAN VISHWAS (AMENDMENT OF PROVISIONS) BILL, 2025.

A BILL

to amend certain enactments for decriminalising and rationalising offences to further enhance trust-based governance for ease of living and the ease of doing business.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૨૫નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧૬.

ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) વિધેયક, ૨૦૨૫.

ઈઝ ઓફ લિવિંગ એન્ડ ધ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (જીવન જીવવાની સરળતા અને વેપાર કરવાની સરળતા) માટે વિશ્વાસ આધારિત શાસન વધુ સુદ્રઢ કરવા માટે ગુનાઓને બિન-ગુનાહિત અને તર્કસંગત બનાવવા માટે અમુક અધિનિયમનોમાં સુધારા કરવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના છોંતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) અધિનિયમ, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

અધિનિયમોના સુધારા.

૨. અનુસૂચિની કોલમ (૪)માં જણાવેલા અધિનિયમનો, આથી, તેની કોલમ (૫)માં જણાવેલા પ્રમાણમાં અને તે રીતે સુધારવામાં આવે છે.

દંડ (પેનલ્ટી)નો સુધારો.

૩. રાજ્ય સરકાર, અનુસૂચિમાં જણાવેલા અધિનિયમનોમાંની જુદી-જુદી જોગવાઈઓ હેઠળ જોગવાઈ કરેલા દંડની રકમ/દરોમાં જરૂર જણાય તેમ અને ત્યારે સુધારો કરી શકશે.

અનુસૂચિ

(જુઓ કલમ ૨)

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	૧૯૬૨	ગુજરાતનો ૧૦મો	ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧.	(૧) કલમ ૨૩માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:- ''(૩) કોઈ વ્યક્તિ આ કલમમાં ઉલ્લેખેલી જાહેરાત કરે કે જે (જાહેરાત) ખોટી છે એમ તે જાણતી હોય અથવા એમ માનવાને તેને કારણ હોય, તો રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, તેના પર પાંચ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''. (૨) કલમ ૩૩માં, પેટા-કલમ (૩) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:- ''(૪) પેટા-કલમ (૩) હેઠળ અધિકૃત કરેલા અધિકારી, આ કલમમાં જોગવાઈ કર્યા પ્રમાણેના કાર્યો કરવામાં ચૂક કરે, તો રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, આવા અધિકારી પર પાંચ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''.

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				(૩) કલમ ૪૧ક-માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:- ''(૩) પેટા-કલમ (૨) હેઠળ અધિકૃત કરેલા અધિકારી, સદરહુ કલમમાં જોગવાઈ કર્યા પ્રમાણેના કાર્યો કરવામાં ચૂક કરે, તો રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, આવા અધિકારી પર પાંચ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''. (૪) કલમ ૫૦માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:- ''(૨-ક) કોઈ માલિક અથવા કોઈ ડિરેક્ટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી અથવા એવા માલિક વતી કામ કરતો એજન્ટ પૂરતા કારણો સિવાય, પેટા-કલમ (૨)નું પાલન કરવામાં ચૂક કરે, તો રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, તેના પર પચાસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''. (૫) કલમ ૭૫-ક-માં, ખંડ (૨) પછી, નીચેનો ખંડ ઉમેરવો:- ''(૩) મંડળીની સમિતિ અથવા તેનો સભ્ય, આ કલમની જોગવાઈઓનું પાલન કરવામાં ચૂક કરે, ત્યારે રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, મંડળીની આવી સમિતિ અથવા આવા સભ્ય પર પાંચ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''. (૬) કલમ ૭૭માં, પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:- ''(૪-ક) મંડળીની સમિતિ અથવા તેના અધિકારી અથવા સભ્ય, પેટા-કલમ (૨), (૩) અથવા (૪)ની જોગવાઈઓનું પાલન કરવામાં ચૂક કરે, ત્યારે રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, મંડળીની સમિતિ અથવા અધિકારી અથવા સભ્ય પર બે હજાર પાંચસો રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''. (૭) કલમ ૮૨-માં, પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:- ''(૫) મંડળીની સમિતિ અથવા તેના કોઈ અધિકારી અથવા સભ્ય, કોઈ વાજબી કારણ સિવાય આ કલમ હેઠળ કરેલા હુકમોનું પાલન કરવામાં ચૂક કરે અથવા આ અધિનિયમથી એવી સમિતિ, અધિકારી અથવા સભ્યને જે કોઈ નોટિસ આપવાનું ફરમાવ્યું હોય તે નોટિસ આપવામાં, જે પત્રક અથવા દસ્તાવેજ મોકલવાનું ફરમાવ્યું હોય તે પત્રક અથવા દસ્તાવેજ મોકલવામાં, જે કોઈ કાર્ય કરવાનું અથવા કરવા દેવાનું ફરમાવ્યું હોય તે કોઈ કાર્ય કરવામાં અથવા કરવા દેવામાં તેઓ ચૂક કરે, ત્યારે રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, મંડળીની એવી સમિતિ અથવા અધિકારી અથવા સભ્ય પર પચીસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''. (૮) કલમ ૮૩માં, પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:- ''(૩) મંડળીનો કોઈ અધિકારી અથવા સમિતિ, આ કલમ હેઠળ રજિસ્ટ્રારે કરેલા હુકમનું પાલન કરવામાં ચૂક કરે, ત્યારે રજિસ્ટ્રાર,

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				લેખિતમાં હુકમ કરીને, મંડળીના આવા અધિકારી અથવા સમિતિ પર, દસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે. મંડળીનો કોઈ અધિકારી અથવા સમિતિ, આ પેટા-કલમ હેઠળ ઉલ્લંઘન ચાલુ રાખે, ત્યારે તે, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાન દરેક દિવસ માટે એક હજાર રૂપિયાના વધારાના દંડ (પેનલ્ટી)ને જવાબદાર થશે.''. (૯) કલમ ૮૪માં, પેટા-કલમ (૪) પછી, નીચેની પેટા-કલમ દાખલ કરવી:- ''(૪ક) પેટા-કલમ (૪)માં ઉલ્લેખેલા કોઈ ચોપડા વગેરેનો કબજો ધરાવતા હોય તેવા અથવા તેના હવાલા માટે જવાબદાર હોય તેવા મંડળીના કોઈ અધિકારી, સભ્ય, એજન્ટ અથવા નોકર, પેટા-કલમ (૪)ની આવશ્યકતાઓનું પાલન કરવામાં ચૂક કરે, ત્યારે રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, તેના પર પચીસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''. (૧૦) કલમ ૧૪૭માં, ખંડો (ક), (કક), (કકક), (ગ), (જ-૧), (ઝ), (ડ), (ઢ), (થ), (થ-ક) અને (દ) કમી કરવા. (૧૧) કલમ ૧૪૮માં, ખંડો (ક), (કક), (કકક), (ગ), (જ-૧), (ઝ), (ડ), (ઢ), (થ), (થ-૧) અને (દ) કમી કરવા. (૧૨) કલમ ૧૪૮ પછી, નીચેની કલમ દાખલ કરવી:- ''**૧૪૮ક: અનિયમિતતા બદલ દંડ (પેનલ્ટી).-** (૧) મંડળીની સમિતિ અથવા તેના અધિકારી અથવા સભ્ય, આ અધિનિયમના હેતુઓ માટે રજિસ્ટ્રાર અથવા તેણે આ અર્થે લેખિતમાં યોગ્ય રીતે અધિકૃત કરેલી બીજી વ્યક્તિએ ફરમાવેલું કોઈ કાર્ય કરવામાં અથવા કોઈ માહિતી રજૂ કરવામાં જાણીબૂજીને બેદરકારી દાખવે અથવા ઈન્કાર કરે, ત્યારે રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, મંડળીની આવી સમિતિ અથવા અધિકારી અથવા સભ્ય પર પચીસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે. (૨) કોઈ વ્યક્તિ, જાણીબૂજીને અથવા કોઈ વાજબી કારણ સિવાય, આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કરેલા કોઈ સમન્સ, માગણી અથવા કાયદેસરના લેખિત હુકમનું પાલન ન કરે, ત્યારે રજિસ્ટ્રાર, લેખિતમાં હુકમ કરીને, તેના પર પચીસ હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલી રકમનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''. (૧૩) કલમ ૧૪૯ પછી, નીચેની કલમ દાખલ કરવી:- ''**૧૪૯ક. ગુનાની માંડવાળ.**- (૧) આ અધિનિયમ અથવા નિયમોની કોઈપણ જોગવાઈના ઉલ્લંઘનના કિસ્સામાં, સદરહુ કલમો હેઠળ સદરહુ ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરી શકશે.

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				(૨) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલા અધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તેટલી રકમની ચુકવણી કર્યેથી, સદરહુ ગુનાના સંબંધમાં, આરોપી વ્યક્તિની સામે કોઈ વધુ કાર્યવાહી કરવી જોઈશે નહિ અને કોઈ કાર્યવાહી અગાઉ કરવામાં આવી હોય, તો તે રદ થયેલી ગણાશે.''.
૨	૧૯૬૪	ગુજરાતનો ૨૦મો	ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩.	(૧) કલમ ૩૬ને બદલે, નીચેની કલમ મૂકવી:- ''**૩૬. કલમ ૬ અથવા ૮નું ઉલ્લંઘન કરવા બદલ દંડ (પેનલ્ટી).**- (૧) જે કોઈ વ્યક્તિ, લાઈસન્સ ધરાવ્યા સિવાય, કોઈ ખેત-ઉત્પન્ન ખરીદવા અથવા વેચવા માટે બજાર વિસ્તારમાં કોઈ જગા વાપરે અથવા કોઈ બજાર વિસ્તાર અથવા તેના કોઈ ભાગમાં કામ કરીને, કલમ ૬ અથવા કલમ ૮ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે, તે પ્રથમ વખતના ઉલ્લંઘન બદલ પચીસ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને બીજી વખતના ઉલ્લંઘન બદલ પચાસ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે. (૨) તે જ પ્રકારના ત્યાર પછીના કોઈ ઉલ્લંઘન બદલ દોષિત ઠર્યેથી, તેને એક મહિના સુધીની કેદની અને પચાસ હજાર રૂપિયા કરતા ઓછા નહિ પરંતુ એક લાખ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે. (૩) લાઈસન્સ ધરાવનાર, લાઈસન્સની કોઈ શરતનું ઉલ્લંઘન કરે, તો નિયામક (તેના ૫૨) પચીસ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) લાદી શકશે.''. (૨) કલમ ૪૩માં, પેટા-કલમ (૧) કમી કરવી. (૩) કલમ ૫૯માં, પેટા-કલમ (૩)માં, ''આ અધિનિયમ મુજબ કરેલા કોઈ નિયમથી એવી જોગવાઈ કરી શકાશે કે તેના અથવા તે મુજબ કાઢેલ અથવા તાજા કરેલ કોઈ લાઈસન્સની શરતો પૈકી કોઈપણ શરતના કોઈ ઉલ્લંઘન બદલ દોષિત ઠર્યેથી, એક મહિના સુધીની મુદતની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા તે બન્નેની શિક્ષાને પાત્ર થવાશે.'' એ શબ્દોને બદલે, ''કલમો ૩૬, ૩૮, ૩૯, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૫(ક), ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૫, ૭૨, ૭૫, ૧૧૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨ અને ૧૨૩ હેઠળ કરેલા કોઈ નિયમથી એવી જોગવાઈ કરી શકાશે કે તેના કોઈ ઉલ્લંઘન બદલ નિયામક દ્વારા જરૂરી જણાય, તો તપાસ કર્યા પછી, ગુનાની પુષ્ટિ થયેથી, પાંચ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થવાશે.'' એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા. (૪) કલમ ૪૩ક-માં, પેટા-કલમ (૧)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:- ''(૧) કોઈ ઉલ્લંઘનમાં, આ અધિનિયમ, નિયમો અથવા પેટા-કાયદા હેઠળ દંડ (પેનલ્ટી) તરીકે લેવાપાત્ર અને વસૂલાતપાત્ર ફી,

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				વપરાશકાર ચાર્જ અથવા બીજી રકમ ઉપરાંત આવી રીતે લેવાપાત્ર અને વસૂલાતપાત્ર કોઈ ફી, વપરાશકાર ચાર્જ અથવા બીજી રકમ ચૂકવવામાં નિષ્ફળ જવાનો અથવા ચૂકવવાનું ટાળવાનો સમાવેશ થતો હોય, ત્યારે બજાર સમિતિ, આ અધિનિયમ, તે હેઠળ કરેલા નિયમો અથવા પેટા-કાયદાની કોઈ જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું હોય તેવી કોઈ વ્યક્તિ પાસેથી, આવા ગુનાની માંડવાળ કરીને, ફી અથવા બીજી રકમથી ઓછી ન હોય તેટલી અને ફી અથવા બીજી રકમની બમણી રકમથી વધારે ન હોય તેટલી, પોતે નક્કી કર્યા પ્રમાણેની નાણાંની રકમ સ્વીકારી શકશે.''.
૩	૧૯૭૬	રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંકઃ ૨૭	ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.	(૧) કલમ ૩૫-માં, પેટા-કલમ (૧)માં, ''તેને, દોષિત ઠર્યે, પચાસ હજાર રૂપિયા સુધીના દંડની અને ગુનો ચાલુ રહે તો, ગુનો પ્રથમવાર કરવા બદલ દોષિત ઠર્યા પછી ગુનો કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે એક હજાર રૂપિયા સુધીના વધુ દંડની શિક્ષા થશે'' એ શબ્દોને બદલે, '' તે, પચાસ હજાર રૂપિયાના દંડ (પેનલ્ટી)ને અને ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તેવા કિસ્સામાં, પ્રથમવાર ઉલ્લંઘન કર્યા પછી, ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે એક હજાર રૂપિયા સુધીના વધુ દંડ (પેનલ્ટી)ને જવાબદાર થશે.'' એ શબ્દો અને કૌંસ મૂકવા. (૨) કલમ ૩૫-માં, પેટા-કલમ (૨) માં, "તેને, દોષિત ઠર્યે, એક હજાર રૂપિયા સુધીના દંડની અને ગુનો ચાલુ રહે તો ગુનો પ્રથમવાર કરવા બદલ દોષિત ઠર્યા પછી આવો ગુનો કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે, એક હજાર રૂપિયાના દંડ (પેનલ્ટી)ને જવાબદાર થશે અને ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તેવા કિસ્સામાં, પ્રથમવાર ઉલ્લંઘન કર્યા પછી, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયા સુધીના વધુ દંડ (પેનલ્ટી)ને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા. (૩) કલમ ૩૬માં, પેટા-કલમ (૬)માં, "કોઈ વ્યક્તિને દોષિત ઠર્યે, પચાસ હજાર રૂપિયા સુધીના દંડની અને ગુનો ચાલુ રહે તો ગુનો પ્રથમવાર કર્યા બદલ દોષિત ઠર્યા પછી ગુનો કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "કોઈ વ્યક્તિ પચાસ હજાર રૂપિયાના દંડ (પેનલ્ટી)ને જવાબદાર થશે અને ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તેવા કિસ્સામાં, પ્રથમવાર ગુનો કર્યા પછી, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે એક હજાર રૂપિયા સુધીના વધુ દંડ (પેનલ્ટી)ને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા. (૪) કલમ ૯૮માં, "વ્યક્તિને, દોષિત ઠર્યેથી, પાંચ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે અને દોષિત ઠર્યાના આવા હુકમમાં કોર્ટે જણાવવાનું રહેશે કે, દોષિત ઠર્યાના આવા હુકમની તારીખ પછી, આવી રીતે ઉલ્લંઘન કર્યાનું ચાલુ રહે તો આવું ઉલ્લંઘન કરવાનું ચાલુ રહ્યું હોય તે મુદત માટે દરરોજના એકસો રૂપિયા કરતાં વધુ નહિ તેટલો દંડ" એ શબ્દોને બદલે, " વ્યક્તિ, પાંચ હજાર

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				રૂપિયાના દંડ (પેનલ્ટી)ને જવાબદાર થશે અને ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે તેવા કિસ્સામાં, જે મુદત દરમિયાન આવું ઉલ્લંઘન ચાલુ રહે તે મુદત માટે દરરોજના એકસો રૂપિયાનો વધુ દંડ (પેનલ્ટી)" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૫) કલમ ૧૦૫-પછી, નીચેની કલમ દાખલ કરવી:- "**૧૦૫-ક. ગુનાની માંડવાળ.**- (૧) આ અધિનિયમ અથવા નિયમોની કોઈપણ જોગવાઈના ઉલ્લંઘનના કિસ્સામાં, સદરહુ કલમો હેઠળ સદરહુ ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરી શકશે. (૨) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલા અધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તેવી રકમની ચુકવણી કર્યેથી, સદરહુ ગુનાના સંબંધમાં, આરોપી વ્યક્તિની સામે કોઈપણ વધુ કાર્યવાહી કરવી જોઈશે નહિ અને કોઈ કાર્યવાહી અગાઉથી કરવામાં આવી હોય, તો તે રદ થયેલી ગણાશે.". (૬) કલમ ૧૧૧માં, પેટા-કલમ (૨)માં, "વ્યક્તિને, દોષિત ઠર્યેથી, એક વર્ષ સુધીની મુદતની કેદની શિક્ષા અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "વ્યક્તિ, એક હજાર રૂપિયાના દંડ (પેનલ્ટી)ને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા.
૪	૧૯૬૪	ગુજરાતનો ૩૪મો	ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.	(૧) કલમ ૧૧૫-માં, પેટા-કલમ (૩)માં, "તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) કલમ ૧૪૯માં, પેટા-કલમ (૪)માં, "તેને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે;" એ શબ્દોને બદલે, "તે પાંચ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩) કલમ ૧૫૦-માં, પેટા-કલમ (૪)માં, "તેને ત્રણ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને ઉલ્લંઘન ચાલુ રહે તે દાખલામાં આવા પહેલાં ઉલ્લંઘન બદલ તે દોષિત ઠર્યા પછી આવું ઉલ્લંઘન જે દરેક દિવસ દરમિયાન ચાલુ રહે તે દિવસ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે પાંચ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તેવા કિસ્સામાં, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે બસો રૂપિયાનો વધુ દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૪) કલમ ૧૫૩માં, પેટા-કલમ (૪)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે તથા પ્રથમ વાર દોષિત ઠર્યાની તારીખથી સાત દિવસ પૂરા થાય તે પહેલાં ગુનો ચાલુ રહેતો બંધ થાય તે સિવાય જેટલા દિવસ સુધી ચાલુ રહે તે દરેક દિવસ માટે તેને દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ ચૂકવવાને જવાબદાર થશે તથા પ્રથમ વાર ઉલ્લંઘન કર્યાની તારીખથી સાત દિવસ પૂરા થાય તે પહેલાં ઉલ્લંઘન

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				ચાલુ રહેતું બંધ થાય તે સિવાય જેટલા દિવસ સુધી ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયા સુધીનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૫) કલમ ૧૫૫-માં, પેટા-કલમ (૭)માં, "કોઇ ઇમારત બાંધવાનું, તેમાં ફેરફાર કરવાનું, વધારો કરવાનું અથવા તે ફરી બાંધવાનું શરૂ કરે તેને યથાપ્રસંગ, ઇમારત બાંધવાના, તેમાં ફેરફાર કરવાના, વધારો કરવાના અથવા તે ફરી બાંધવાના ખર્ચના પચાસ ટકા જેટલી રકમ અથવા એક હજાર રૂપિયા, બેમાંથી જે વધારે હોય તે રકમ સુધીના દંડની શિક્ષા થશે; અને ઉપર જણાવેલી જોગવાઇઓ પૈકી કોઇપણ જોગવાઇનું ઉલ્લંઘન ચાલુ રહે તે પ્રસંગે, એવાં પહેલાં ઉલ્લંઘન બદલ દોષિત ઠર્યા પછી જેટલા દિવસ દરમિયાન, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે ખર્ચના એક ટકા, જેટલી રકમ અથવા દશ રૂપિયા, બેમાંથી જે વધારે હોય તે રકમ સુધીના વધારાના દંડને તે પાત્ર થશે;" એ શબ્દોને બદલે, "કોઇ ઇમારત બાંધવાનું, તેમાં ફેરફાર કરવાનું, વધારો કરવાનું અથવા તેને ફરી બાંધવાનું શરૂ કરે તે યથાપ્રસંગ, ઇમારત બાંધવાના, તેમાં ફેરફાર કરવાના, વધારો કરવાના અથવા તે ફરી બાંધવાના ખર્ચના પચાસ ટકા જેટલી રકમ અથવા પાંચ હજાર રૂપિયા, બેમાંથી જે વધારે હોય તે રકમ સુધીનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને ઉપર જણાવેલી જોગવાઇઓ પૈકી કોઇપણ જોગવાઇનું ઉલ્લંઘન ચાલુ રહે તેવા કિસ્સામાં, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે ખર્ચના એક ટકા સુધીની રકમ અથવા એકસો રૂપિયા એ બેમાંથી જે વધારે હોય તેટલો વધુ દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા. (૬) કલમ ૧૫૭માં, પેટા-કલમ (૫)માં, "તેને, પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે. આવું ઉલ્લંઘન અથવા અપાલન ચાલુ રહે તે પ્રસંગે, એવા પ્રથમ ઉલ્લંઘન અથવા અપાલન બદલ દોષિત ઠર્યા પછી આવું ઉલ્લંઘન અથવા અપાલન જે દરેક દિવસ દરમિયાન ચાલુ રહે તે દરેક દિવસ માટે રૂપિયા દસ સુધીના વધારાના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે પાંચ હજાર રૂપિયા સુધીનો દંડ ચૂકવવાને જવાબદાર થશે અને આવું ઉલ્લંઘન અથવા અપાલન ચાલુ રહે તેવા કિસ્સામાં, જે દિવસ દરમિયાન આવું ઉલ્લંઘન અથવા અપાલન કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયા સુધીનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૭) કલમ ૧૭૦-માં, ખંડ (ખ)માં, "એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા (૮) કલમ ૧૭૧માં,- (૧) પેટા-કલમ (૧)માં, "તેને દોષિત ઠર્યેથી એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૨) પેટા-કલમ (૨)માં, ખંડ (ખ)માં, "તેને દોષિત ઠર્યેથી એકસો

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા. (૯) કલમ ૧૭૬માં, પેટા-કલમ (૩)માં, ખંડ (ખ)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવો કોઇ માલિક અથવા ભોગવટો કરનાર નીકળતા જે ભાગના સંબંધમાં આ કલમ અન્વયે તે દોષિત ઠર્યો હોય તે ભાગ કાઢી નાખવાને ચૂકે તેને આવી ચૂક અથવા બેદરકારી જેટલા દિવસ દરમિયાન ચાલુ રહે તે દરેક દિવસ માટે દશ રૂપિયા સુધીનો વધારાનો દંડ થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ ચૂકવવાને જવાબદાર થશે અને આવો કોઇ માલિક અથવા ભોગવટો કરનાર, આવો બહાર નીકળતો ભાગ દૂર કરવામાં નિષ્ફળ રહે, તો તે એકસો રૂપિયાનો વધુ દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૧૦) કલમ ૧૮૪માં, પેટા-કલમ (૧)માં, "તેને બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે બે હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા. (૧૧) કલમ ૧૮૫-માં,- (૧) પેટા-કલમ (૧)માં, "તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવા ગુના માટે તે પ્રથમ દોષિત થર્યેથી, જેટલા દિવસ દરમિયાન આવા બહાર નીકળી આવતાં બાંધકામ, દબાણ, હરકત અથવા વસ્તુ મૂકવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને આવા બાંધકામ, દબાણ, હરકત અથવા વસ્તુ મૂકવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયા સુધીનો વધુ દંડ ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) પેટા-કલમ (૩)માં, "તેને બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને દબાણની બાબતમાં એવા ગુના માટે તે પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી આવું દબાણ ચાલુ રહે તે દરેક દિવસ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે બે હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને દબાણના કિસ્સામાં, દબાણ ચાલુ રહે તે દરેક દિવસ માટે બસો રૂપિયા સુધીનો વધુ દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૧૨) કલમ ૧૮૬માં, પેટા-કલમ (૨)માં, " તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવા ગુના માટે તે દોષિત ઠર્યાની તારીખથી આવું ઉલ્લંઘન યથાપ્રસંગ, જે દરેક દિવસે અથવા રાત્રે ચાલુ રહે તે દરેક દિવસ અથવા રાત્રિ માટે તેને વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ અથવા યથાપ્રસંગ, રાત્રિ માટે બસો રૂપિયાનો વધુ દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા;

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				(૧૩) કલમ ૧૮૭માં, પેટા-કલમ (૨)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડ ની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૧૪) કલમ ૧૮૮માં, પેટા-કલમ (૨)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવા ગુના માટે તે પ્રથમ દોષિત ઠર્યાની તારીખથી આવું ઉલ્લંઘન યથાપ્રસંગ, જે દરેક દિવસે અથવા રાત્રે ચાલુ રહે તે દરેક દિવસ અથવા રાત્રિ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયા સુધીનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને આવું ઉલ્લંઘન જે દરેક દિવસે અથવા યથાપ્રસંગ, રાત્રે ચાલુ રહે તે દરેક દિવસ અથવા રાત્રિ માટે બસો રૂપિયાનો વધુ દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૧૫) કલમ ૧૯૧માં, પેટા-કલમ (૨)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયા સુધીનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૧૬) કલમ ૧૯૨-માં,- (૧) પેટા-કલમ (૧)માં ,"તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) પેટા-કલમ (૨)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૧૭) કલમ ૧૯૩માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૧૮) કલમ ૧૯૪માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને આવા ગુના બદલ તે પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી આવો ગુનો ચાલુ રહે તે દરેક દિવસ માટે રૂપિયા દસ સુધીના વધારાના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયા સુધીનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને આવો ગુનો ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયા સુધીનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૧૯) કલમ ૧૯૫માં, પેટા-કલમ (૨)માં, "તે વ્યક્તિને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે વ્યક્તિ, એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨૦) કલમ ૧૯૬માં, પેટા-કલમ (૧)માં, "તે વ્યક્તિને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને એવા ગુના બદલ તે પ્રથમ દોષિત

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				ઠર્યાની તારીખ પછી સદરહુ નોટિસનું અપાલન જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે વ્યક્તિ, પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને પ્રથ ઉલ્લંઘનની તારીખ પછી સદરહુ નોટિસનું અપાલન જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયાનો વધારાનો દંડ ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨૧) કલમ ૨૦૧માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨૨) કલમ ૨૦૩માં, "તેને પચાસ રૂપિયા સુધીના દંડની અને પ્રથમ વાર દોષિત ઠર્યાની તારીખ પછી જેટલા દિવસ ગુનો ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, "તે પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને પ્રથમ ઉલ્લંઘનની તારીખ પછી જેટલા દિવસ ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયાનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨૩) કલમ ૨૦૪માં, "તેને, દોષિત ઠર્યેથી - (ક) પહેલા ગુના બદલ બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે; (ખ) તે પછીના કોઈપણ ગુના બદલ પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે." એ શબ્દો, અક્ષરો અને કૌંસને બદલે, "તે - "(ક) પ્રથમ ઉલ્લંઘન બદલ, બસો રૂપિયાનો દંડ (પેનલ્ટી); (ખ) ત્યારપછીના કોઇ ઉલ્લંઘન બદલ પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) - ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો, અક્ષરો અને કૌંસ મૂકવા; (૨૪) કલમ ૨૦૫માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨૫) કલમ ૨૦૬માં, પેટા-કલમ (૨)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને ત્યારપછીની કોઈપણ વખતે દોષિત ઠર્યેથી એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થઈ શકશે" એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો અને ત્યારપછીના કોઈપણ ઉલ્લંઘન બદલ પાંચ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨૬) કલમ ૨૦૭માં, (૧) પેટા-કલમ (૨)માં, "તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે પાંચસો રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા;

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				(૨) પેટા-કલમ (૩)માં, "દસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે એકસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨૭) કલમ ૨૦૮માં, પેટા-કલમ (૨)માં, "તેને પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨૮) કલમ ૨૧૧માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ખ)માં, "જે દરેક પશુ અને જલદી બગડે નહિ એવા પ્રકારની જે દરેક ચીજ, ઉપર કહ્યા પ્રમાણે કબજે કર્યા હોય તો તેને, મેજિસ્ટ્રેટ સમક્ષ લઇ જવાં. જો મેજિસ્ટ્રેટને પુરતા પુરાવા પરથી એમ જણાય કે એવું કોઇ પશુ અથવા કોઇ ચીજ રોગિષ્ટ, બગડી ગયેલી અથવા આરોગ્યને હાનિ કરે એવી અથવા માનવ ખોરાક, પીણાં અથવા દવા સારું અયોગ્ય છે, તેના માલિકને અથવા તેનો માત્ર નિક્ષેપી અથવા વાહક ન હોય એવી જે વ્યક્તિના કબજામાંથી તે મળી આવી હોય તે વ્યક્તિને જો એવા પ્રસંગે ભારતનો ફોજદારી અધિનિયમની કલમ ૨૭૩ની જોગવાઇઓ લાગુ પડતી ન હોય, તો બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને તે મેજિસ્ટ્રેટે તેવાં પશુ અથવા ચીજનો નાશ કરાવવો અથવા તે વેચવા માટે ખુલ્લી મૂકાય નહિ અથવા તે માનવ ખોરાક અથવા પીણાં અથવા દવા તરીકે વપરાય નહિ એવી રીતે નિકાલ કરાવવો" એ શબ્દો અને આંકડાને બદલે, "જે દરેક પશુ અને જલદી બગડે નહિ એવા પ્રકારની જે દરેક ચીજ, ઉપર જણાવ્યા પ્રમાણે કબજે કર્યા હોય તો તેને, આ અર્થે અધિકૃત કરેલ અધિકારી સમક્ષ લઇ જવા જોઇશે. સદરહુ અધિકારીને પૂરતા પુરાવા પરથી એમ જણાય કે એવું કોઇ પશુ અથવા કોઇ ચીજ રોગિષ્ટ, બગડી ગયેલી અથવા આરોગ્યને હાનિ કરે એવી અથવા માનવ ખોરાક, પીણાં અથવા દવા માટે અયોગ્ય છે, તો તેના માલિકને અથવા તેનો માત્ર નિક્ષેપી અથવા વાહક ન હોય એવી જે વ્યક્તિના કબજામાંથી તે મળી આવી હોય તે વ્યક્તિને જો એવા પ્રસંગે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૫મા)ની કલમ ૨૭૫ની જોગવાઇઓ લાગુ પડતી ન હોય, તો તે બે હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને સદરહુ અધિકારીએ તેવાં પશુ અથવા ચીજનો નાશ કરાવવો જોઇશે અથવા તે વેચવા માટે ખુલ્લી મૂકાય નહિ અથવા તે માનવ ખોરાક અથવા પીણાં અથવા દવા તરીકે વપરાય નહિ એવી રીતે નિકાલ કરાવવો જોઇશે" એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા; (૨૯) કલમ ૨૧૩માં, પેટા-કલમ (૩)માં, "તે વ્યક્તિને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને ગુનો ચાલુ રહે તે પ્રસંગે, આવા પહેલા ગુના બદલ દોષિત ઠર્યાની તારીખથી આવો ગુનો ચાલુ રહ્યો હોય તે દરેક દિવસ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે વ્યક્તિ એક હજાર

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને ઉલ્લંઘન ચાલુ રહે તે કિસ્સામાં, આવા પહેલા ઉલ્લંઘનની તારીખથી આવું ઉલ્લંઘન ચાલુ રહ્યું હોય તે દરેક દિવસ માટે બસો રૂપિયા સુધીનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩૦) કલમ ૨૧૪માં, પેટા-કલમ (૪)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩૧) કલમ ૨૧૫માં, પેટા-કલમ (૫)માં, ખંડ (ખ)માં, "તેવી વ્યક્તિને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તેવી વ્યક્તિ પાંચ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩૨) કલમ ૨૧૮માં, પેટા-કલમ (૫)માં, "ભીડ થવા દે તેને તથા જે કોઇ વ્યક્તિ પેટા-કલમ (૪) અન્વયે તેને આપવામાં આવેલી નોટિસ અનુસાર આવી કોઇ ઈમારત ખાલી કરે નહિ તેને એવા ફરમાનમાં નિર્દિષ્ટ કરેલી તારીખ પછીના જેટલા દિવસ સુધી એવી ભીડ ચાલુ રહે અથવા એ પ્રમાણે ખાલી ન કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે પચીસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દો, આંકડા અને કૌંસને બદલે, "ભીડ થવા દે તે તથા જે કોઇ વ્યક્તિ પેટા-કલમ (૪) અન્વયે તેને આપવામાં આવેલી નોટિસ અનુસાર આવી કોઇ ઈમારત ખાલી કરે નહિ તે એવા ફરમાનમાં નિર્દિષ્ટ કરેલી તારીખ પછીના જેટલા દિવસ સુધી એવી ભીડ ચાલુ રહે અથવા એ પ્રમાણે ખાલી ન કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે બસો પચાસ રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો, આંકડા અને કૌંસ મૂકવા; (૩૩) કલમ ૨૧૯માં, પેટા-કલમ (૪)માં, "એક હજાર રૂપિયા કરતાં વધે નહિ તેટલો દંડ તથા ચાલુ રહે તે દરેક ભંગ બદલ દરેક દિવસ માટે પચાસ રૂપિયા કરતાં વધે નહિ એવો વધારાનો દંડ, નિયમ કરીને ઠરાવી શકશે" એ શબ્દોને બદલે, "પાંચ હજાર રૂપિયા કરતાં વધુ નહિ તેટલો દંડ (પેનલ્ટી) તથા ચાલુ રહે તે દરેક ભંગ બદલ દરેક દિવસ માટે પાંચસો રૂપિયા કરતાં વધુ નહિ એવો વધારાનો દંડ (પેનલ્ટી), નિયમ કરીને ઠરાવી શકશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩૪) કલમ ૨૨૦માં, પેટા-કલમ (૩)માં, "તેને બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે બે હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩૫) કલમ ૨૨૧માં, (૧) પેટા-કલમ (૨)માં, "તેને પાંચસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી આવા ઉપયોગ દ્વારા કરવાનું અથવા કરવા દેવાનું જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસ માટે પંચોતેર રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે" એ

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				શબ્દોને બદલે, "તે પાંચ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને પ્રથમ વખત ઉલ્લંઘન થયાની તારીખ પછી આવો ઉપયોગ કરવાનું અથવા કરવા દેવાનું જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસ માટે સાતસો પચાસ રૂપિયાનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) પેટા-કલમ (૪)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને તે પ્રથમ દોષિત ઠર્યાની તારીખ પછી જેટલા દિવસ આવો ઉપયોગ કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે વીસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને પ્રથમ વખત ઉલ્લંઘન થયાની તારીખ પછી જેટલા દિવસ આવો ઉપયોગ કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે બસો રૂપિયાનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩૬) કલમ ૨૨૨માં, પેટા-કલમ (૩)માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩૭) કલમ ૨૨૩માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩૮) કલમ ૨૨૪માં, પેટા-કલમ (૩)માં, "ઉતારે અથવા ઉતરવા દે તેને આવો યાત્રિક આ રીતે ઉતારવામાં આવ્યો હોય તે દરેક દિવસ અથવા તેના ભાગ માટે દરેક યાત્રિક દીઠ દસ રૂપિયા કરતાં વધારે ન હોય તેટલા દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "ઉતારે અથવા ઉતરવા દે તે આવો યાત્રિક આ રીતે ઉતારવામાં આવ્યો હોય તે દરેક દિવસ અથવા તેના ભાગ માટે દરેક યાત્રિક દીઠ એકસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩૯) કલમ ૨૨૭માં, "એકસો રૂપિયા સુધીના દંડને પાત્ર થશે અને પહેલી વખતની દોષિત ઠર્યાની તારીખ પછી જેટલાં દિવસ દરમિયાન સદરહુ અવજ્ઞા અથવા ચૂક ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ રૂપિયા કરતાં વધારે ન હોય તેટલા દંડને પાત્ર થશે" એ શબ્દોને બદલે, "એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને પહેલી વખત દોષિત ઠર્યાની તારીખ પછી જેટલા દિવસ દરમિયાન સદરહુ અવજ્ઞા અથવા ચૂક ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયાનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૪૦) કલમ ૨૨૮માં, "તેને આવું કાર્ય અથવા વર્જન સદરહુ જોગવાઇઓ અથવા ઉપનિયમો અન્વયે ગુનો ન હોય તો એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને પહેલી વખત દોષિત ઠર્યાની તારીખ પછી આવું કાર્ય અથવા વર્જન જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				થશે" એ શબ્દોને બદલે, "તે આવું કાર્ય અથવા વર્જન (કાર્યલોપ) સદરહુ જોગવાઈઓ અથવા ઉપનિયમો અન્વયે ગુનો ન હોય, તો એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે અને પહેલી વખત ઉલ્લંઘન કર્યાની તારીખ પછી આવું કાર્ય અથવા વર્જન (કાર્યલોપ) જેટલા દિવસ ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયાનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૪૧) કલમ ૨૩૧માં, "તેને એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે એક હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૪૨) કલમ ૨૬૯ પછી, નીચેની કલમ દાખલ કરવી:- "**૨૬૯ક. ગુનાની માંડવાળ.**- (૧) આ અધિનિયમ અથવા નિયમોની કોઈપણ જોગવાઈના ઉલ્લંઘનના કિસ્સામાં, સદરહુ કલમો હેઠળ સદરહુ ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરી શકશે. (૨) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલા અધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તેટલી રકમની ચુકવણી કર્યેથી, સદરહુ ગુનાના સંબંધમાં, આરોપી વ્યક્તિની સામે કોઈ વધુ કાર્યવાહી કરવી જોઈશે નહિ અને કોઈ કાર્યવાહી, અગાઉ કરવામાં આવી હોય, તો તે રદ થયેલી ગણાશે.". (૪૩) કલમ ૨૭૫માં, પેટા-કલમ (૧)માં, "**ઉપનિયમોના ભંગ માટે દંડ નાખી શકાશે.**- અને નગરપાલિકા એવા કોઈ ઉપનિયમના દરેક ભંગ બદલ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય એવો દંડ તેવી જ મંજૂરીથી ઠરાવી શકશે" એ હાંસિયાની નોંધ અને શબ્દોને બદલે, "**પેટા-કાયદાના ભંગ બદલ દંડ(પેનલ્ટી) નાખી શકાશે.**- અને નગરપાલિકા એવા કોઈ પેટા-કાયદાના દરેક ભંગ બદલ પાંચસો રૂપિયા કરતાં વધારે ન હોય એવો દંડ(પેનલ્ટી) તેવી જ મંજૂરીથી ઠરાવી શકશે" એ શબ્દો અને કૌંસ મૂકવા.
૫	૧૯૪૯	મુંબઈનો ૫૯મો	ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.	(૧) કલમ ૩૪૩માં,- (૧) પેટા-કલમ (૨)માં, ખંડો (ક) અને (ખ)ને બદલે, અનુક્રમે નીચેના ખંડો મૂકવા:- (ક) વાહનવ્યવહાર મેનેજર, વાહન વ્યવહાર સમિતિની મંજૂરીથી, નક્કી કરે તેવો પાંચસો રૂપિયા કરતાં વધુ ન હોય તેટલો; (ખ) સામાન્ય એક વખતના ભાડાના દસ ગણા જેટલો. (૨) પેટા-કલમ (૨ક)માં, "એવા ગુના માટે પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે" એ શબ્દોને બદલે, "આવા ઉલ્લંઘન

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				બદલ એકસો રૂપિયાનો અને વધુમાં વધુ પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૨) કલમ ૩૯૨માં,- (૧) પેટા-કલમ (૧)માં, "તેને, તેવા દરેક ગુના બદલ સદરહુ ભાગના બીજા કોલમમાં તે અર્થે જણાવેલી રકમ સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે, સદરહુ ભાગના પહેલા કોલમમાં તે અર્થે જણાવેલ કલમો માટે, તેવા દરેક ઉલ્લંઘન બદલ પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:- "(૨) જે કોઈ વ્યક્તિ- (ક) પરિશિષ્ટ-૨-ના કોષ્ટકના ભાગ ૨-ના પહેલા કોલમમાં, જણાવેલી કલમો, પેટા-કલમો અથવા ખંડો પૈકી કોઈપણ કલમ, પેટા-ક્લમ અથવા ખંડની અથવા તે હેઠળ કરેલા કોઈપણ વિનિયમની અથવા હુકમની કોઈ જોગવાઈનું ઉલ્લંઘન કરે, અથવા (ખ) સદરહુ કલમો, પેટા-કલમો અથવા ખંડો પૈકી કોઈપણ કલમ, પેટા-કલમ અથવા ખંડ હેઠળ તેના ઉપર કાયદેસર કરેલા કોઈપણ હુકમનું પાલન કરવામાં ચૂક કરે, અને સદરહુ જોગવાઈનું ઉલ્લંઘન કરવાનું અથવા સદરહુ હુકમનું પાલન કરવામાં બેદરકાર રહેવાનું ચાલુ રાખે અથવા યથાપ્રસંગ, સદરહુ જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કરેલું કોઈપણ કામ અથવા વસ્તુ ખસેડવામાં અથવા સુધારવામાં ચૂક કરે અથવા કોઈપણ જગા ખાલી કરવામાં ચૂક કરે, તે, જે દરેક દિવસ દરમિયાન, તે આવી રીતે ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે તે દરેક દિવસ માટે, સદરહુ ભાગનાં પહેલા કોલમમાં તે અર્થે જણાવેલી રકમ સુધીનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે.". (૩) હાંસિયાની નોંધમાં, "દંડ કરી શકાય એવા અમુક ગુનાઓ" એ શબ્દોને બદલે, "દંડ (પેનલ્ટી) કરી શકાય એવા અમુક ગુના" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩) કલમ ૩૯૮માં, "તે વ્યક્તિને દોષિત ઠર્યેથી, એવા ટોલ અથવા ઓક્ટ્રોઈની રકમની દસ ગણી રકમ અથવા બસો પચાસ રૂપિયા એ બેમાંથી જે વધારે હોય તેટલી રકમ સુધીનો દંડ થશે" એ શબ્દોને બદલે, "તે વ્યક્તિ એવા ટોલ અથવા ઓક્ટ્રોઈની રકમની દસ ગણી રકમ અથવા બસો પચાસ રૂપિયાનો દંડ (પેનલ્ટી), એ બેમાંથી જે વધારે હોય તેટલી રકમ ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૪) કલમ ૩૯૯માં, "તેને, જો એવા ઉલ્લંઘન અથવા ચૂક બદલ આ અધિનિયમની બીજી કોઈપણ જોગવાઈમાં કોઈપણ શિક્ષા ઠરાવી ન

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				હોય, તો તેવા દરેક ગુના બદલ એક સો રૂપિયા સુધીના દંડની અને પહેલી દોષસિદ્ધિ પછી જેટલા દિવસ સુધી એવું ઉલ્લંઘન અથવા ચૂક ચાલુ રહે તે દરેક દિવસ માટે વીસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે, જો એવા ઉલ્લંઘન અથવા ચૂક બદલ આ અધિનિયમની બીજી કોઈપણ જોગવાઈમાં કોઈપણ શિક્ષા ઠરાવી ન હોય, તો તેવા દરેક ઉલ્લંઘન બદલ પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) અને પહેલા ઉલ્લંઘન પછી જેટલા દિવસ સુધી એવું ઉલ્લંઘન અથવા ચૂક ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયાનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૫) કલમ ૪૦૨ પછી, નીચેની કલમ દાખલ કરવી:- **"૪૦૨ક. ગુનાની માંડવાળ.-** (૧) આ અધિનિયમ અથવા નિયમોની કોઈપણ જોગવાઈના ઉલ્લંઘનના કિસ્સામાં, સદરહુ કલમો હેઠળ સદરહુ ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, ગુજરાત જનવિશ્વાસ (જોગવાઈઓના સુધારા) અધિનિયમ, ૨૦૨૫ (સન ૨૦૨૫નો ગુજરાતનો....મો) અમલમાં આવ્યાના ત્રણ મહિનાની અંદર, મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરી શકશે. (૨) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલા અધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તેવી રકમની ચુકવણી કર્યેથી, સદરહુ ગુનાના સંબંધમાં, આરોપી વ્યક્તિની સામે કોઈ વધુ કાર્યવાહી કરવી જોઈશે નહિ અને કોઈ કાર્યવાહી, અગાઉ કરવામાં આવી હોય, તો તે રદ થયેલી ગણાશે.". (૬) કલમ ૪૬૮ને બદલે, નીચેની કલમ મૂકવી:- "**૪૬૮. નિયમો, પેટા-કાયદા, વિનિયમો અથવા સ્થાયી હુકમોનો ભંગ કરવા બદલ દંડ (પેનલ્ટી).**- કલમ ૪૫૪ હેઠળ નિયમો કરવામાં અથવા પેટા-કાયદા, વિનિયમો અથવા સ્થાયી હુકમો કરવામાં, રાજ્ય સરકાર, કોર્પોરેશન, સ્થાયી સમિતિ અથવા યથાપ્રસંગ, કમિશનર એવી જોગવાઈ કરી શકશે કે તેના કોઈપણ ભંગ બદલ વ્યક્તિ, ઉલ્લંઘન કર્યેથી- (ક) પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) અને ભંગ કરવાનું ચાલુ હોય તે પ્રસંગે, પહેલા ભંગના ઉલ્લંઘન પછી, જેટલા દિવસ દરમિયાન ભંગ કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે વીસ રૂપિયા સુધીનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે, (ખ) કમિશનર અથવા તે અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા કોઈપણ મ્યુનિસિપલ અધિકારી તરફથી એવો ભંગ કરવાનું બંધ કરવા માટે લેખિત નોટિસ મળ્યા પછી જેટલા દિવસ દરમિયાન ભંગ કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે, (ગ) એવો દંડ (પેનલ્ટી) કરવા ઉપરાંત તે ગુનાના કૃત્યને તેની સત્તામાં હોય એટલે સુધી સુધારી લેવાનું ફરમાવી શકશે.".

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				(૭) અનુસૂચિ-ક્રમાં,- (૧) પ્રકરણ ૧૧માં, કલમ ૨-માં, પેટા-કલમ (૨)માં, ખંડ (ગ)માં, "તેને દોષિત ઠર્યેથી વીસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે ઓછામાં ઓછા પાંચસો રૂપિયા અને વધુમાં વધુ પચાસ હજાર રૂપિયા સુધીનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) પ્રકરણ ૧૪માં, કલમ ૨૬માં, પેટા-કલમ (૪)માં, "તેને પ્રથમ દોષસિદ્ધિ વખતે એકસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે અને બીજી અથવા તે પછીની દોષસિદ્ધિ વખતે છેલ્લી અગાઉની દોષસિદ્ધિ વખતે કરવામાં આવેલા દંડની રકમ કરતાં બમણી રકમ સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે પ્રથમ ઉલ્લંઘન બદલ પાંચ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) અને બીજા અને તે પછીના ઉલ્લંઘન બદલ, જેટલા દિવસ દરમિયાન ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે એકસો રૂપિયાનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩) પ્રકરણ ૧૯માં,- (૧) કલમ ૧માં,- (ક) ખંડ (ખ)માં, "તેને તેવા દરેક ગુના માટે સદરહુ કોષ્ટકના બીજા કોલમમાં તે અર્થે જણાવેલી રકમ સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે તેવા દરેક ઉલ્લંઘન બદલ તે અર્થે જણાવેલો પાંચસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (ખ) કોષ્ટકની બીજી કોલમ કમી કરવી; (ગ) વિદ્યમાન હાંસિયાની નોંધને બદલે, નીચેની હાંસિયાની નોંધ મૂકવી:- **"દંડ (પેનલ્ટી) કરી શકાય એવા અમુક ઉલ્લંઘનો.".** (૨) કલમ ૨-માં,- (ક) "દોષિત ઠરી હોઈને" એ શબ્દો કમી કરવા; (ખ) ખંડો (ક) અને (ખ)ને બદલે, અનુક્રમે નીચેના ખંડો મૂકવા:- "(ક) નીચેના કોષ્ટકમાંના પહેલા કોલમમાં જણાવેલા નિયમો, પેટા-નિયમો અને ખંડોની કોઇ જોગવાઇઓનું અથવા તે હેઠળ કરેલા કોઇ વિનિયમનું ઉલ્લંઘન કરે; અથવા (ખ) સદરહુ કલમો, પેટા-કલમો અથવા ખંડો પૈકી કોઇપણ કલમ, પેટા-કલમ અથવા ખંડ હેઠળ તેના પર કાયદેસર કરવામાં આવેલા કોઇપણ હુકમનું પાલન ન કરે અને

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				- સદરહુ જોગવાઈઓનું ઉલ્લંઘન ચાલુ રાખે અથવા સદરહુ હુકમનું પાલન કરવામાં બેદરકાર રહે અથવા સદરહુ જોગવાઈનું ઉલ્લંઘન કરીને કરેલું કોઈપણ કામ અથવા વસ્તુ ખસેડવામાં અથવા યથાપ્રસંગ, સુધારવામાં ચૂક કરે, તે એવી રીતે તે ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે તે દરેક દિવસ માટે, એકસો રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે."; (ગ) કોષ્ટકની બીજી કોલમ કમી કરવી; (ઘ) વિદ્યમાન હાંસિયાની નોંધને બદલે, નીચેની હાંસિયાની નોંધ મૂકવી:- **" ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખવા બાબત".** (૮) પરિશિષ્ટ-૨-માં,- (૧) "કેટલો દંડ કરી શકાય તે" એ શીર્ષકને બદલે, "કેટલો દંડ (પેનલ્ટી) કરી શકાય તે" એ શીર્ષક મૂકવું. (૨) ભાગ ૧ અને ભાગ ૨-માં કોષ્ટકની બીજી કોલમ કમી કરવી.
૬	૧૯૬૨	ગુજરાતનો ૨૩મો.	ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨	(૧) કલમ ૩૫માં, પેટા-કલમ (૪)માં, "કોઈપણ શખસને, દોષિત ઠર્યેથી, આદેશની બજાવણી પછી જે દરેક દિવસ દરમિયાન આવા આદેશનું પાલન ન કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે બસો રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "કોઈપણ વ્યક્તિ, આદેશની બજાવણી પછી જે દરેક દિવસ દરમિયાન આવા આદેશનું પાલન ન કરવાનું ચાલુ રહે તે દરેક દિવસ માટે દસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) કલમ ૩૬માં,- (ક) પેટા-કલમ (૧)માં, "તેને, દોષિત ઠર્યેથી, દસ હજાર સુધીના દંડની શિક્ષા થશે અને આવી રીતે ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તે દાખલામાં ગુનો પહેલીવાર કરવા માટે તે દોષિત ઠર્યા પછી જે દરેક દિવસ દરમિયાન આવો ગુનો ચાલુ રહ્યો તે દિવસ માટે પાંચસો રૂપિયા સુધીના વધુ દંડની શિક્ષા થશે." એ શબ્દોને બદલે, ''તે, પચાસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) અને આવી રીતે ઉલ્લંઘન કરવાનું ચાલુ રહે તે કિસ્સામાં પહેલીવાર ઉલ્લંઘન કર્યા પછી જે દરેક દિવસ દરમિયાન આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દિવસ માટે પાંચસો રૂપિયાનો વધુ દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે." એ શબ્દો અને કૌંસ મૂકવા; (ખ) પેટા-કલમ (૨)માં, "તેવા કોઈપણ શખસને દોષિત ઠર્યેથી પાંચ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તેવી કોઈપણ વ્યક્તિ પચીસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩) કલમ ૫૨ માં, "તેવા કોઈપણ શખસને દોષસિદ્ધિ થયેથી, છ મહિના સુધીની મુદતની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા એ

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				બન્નેની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તેવી કોઈપણ વ્યક્તિ, પચાસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૪) કલમ ૫૨- એ-માં, "તો તેને ગુનો સાબિત થયેથી, ત્રણ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે, પચીસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૫) કલમ ૫૨- બી-માં, "તેને ગુનો સાબિત થયેથી, ત્રણ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયાના દંડની અથવા એ બન્ને શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે, પચીસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૬) કલમ ૫૨-સી-માં, "તો તેને, ગુનો સાબિત થયેથી, એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે" એ શબ્દોને બદલે, "તે, પંદર હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા.
૭	૨૦૧૯	ગુજરાતનો ૨૨-મો.	ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૯.	(૧) અનુસૂચિ ૨-માં, બાબત ક હેઠળ, કોલમ (૪)માં, (૧) "રૂપિયા ૨૦૦૦/-થી વધુ નહિ તેટલો દંડ" એ શબ્દો અને આંકડાને બદલે, " પાંચ હજાર રૂપિયાથી વધુ નહિ તેટલો દંડ(પેનલ્ટી)" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) "રૂપિયા ૩૦૦૦/- થી વધુ નહિ તેટલો દંડ" એ શબ્દો અને આંકડાને બદલે, "સાત હજાર રૂપિયાથી વધુ નહિ તેટલો દંડ(પેનલ્ટી)" એ શબ્દો અને કૌંસ મૂકવા.
૮	૧૯૫૩	મુંબઈનો ૪૦મો.	ગુજરાત મજૂર કલ્યાણ ફંડ અધિનિયમ, ૧૯૫૩	(૧) કલમ ૧૭-અ-માં, "દોષિત ઠર્યે, છ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે" એ શબ્દોને બદલે, "બે લાખ રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) કલમ ૧૭-બ-માં, "દોષિત ઠર્યે છ મહિના સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંને શિક્ષાને પાત્ર થશે" એ શબ્દોને બદલે, "પાંચ લાખ રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩) કલમ ૧૭-ક-માં,- (૧) ખંડ (અ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:- "(ક) પ્રથમ ઉલ્લંઘન માટે, પચાસ હજાર રૂપિયાના દંડ(પેનલ્ટી)ની; અને"; (૨) ખંડ (બ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો:- "(ખ) બીજા અથવા ત્યાર પછીના ઉલ્લંઘન માટે, એક લાખ રૂપિયા સુધીના દંડ(પેનલ્ટી)ની શિક્ષાને પાત્ર થશે."; (૩) ખંડો (ક) અને (ખ) નીચેનો પરંતુક કમી કરવો. (૪) કલમ ૧૭ઈ પછી, નીચેની કલમ દાખલ કરવી:-

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				"૧૭૭. ગુનાની માંડવાળ.- (૧) આ અધિનિયમ અથવા નિયમોની કોઈપણ જોગવાઈના ઉલ્લંઘનના કિસ્સામાં, સદરહુ કલમો હેઠળ સદરહુ ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરી શકશે. (૨) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલ અધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તેટલી રકમની ચુકવણી કર્યેથી, સદરહુ ગુનાના સંબંધમાં આરોપી વ્યક્તિની સામે કોઇ વધુ કાર્યવાહી કરવી જોઇશે નહિ અને કોઇ કાર્યવાહી અગાઉ કરવામાં આવી હોય, તો તે રદ થયેલી ગણાશે.". (૫) કલમ ૧૯માં,- (૧) પેટા-કલમ (૨)માં, ખંડ (ઠ) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:- "(ઠ-ક) દંડની વસૂલાત માટે ઇન્સ્પેક્ટરો અને તેમની ઉપર અપીલ સત્તાધિકારી જાહેર કરવા."; (૨) પેટા-કલમ (૨-અ)માં, "બે હજાર રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની શિક્ષા થઈ શકશે અને ગુનો ચાલુ હોય, ત્યારે તે ગુનો ચાલુ રહ્યો હોય તે દરમિયાન રોજના એકસો રૂપિયાથી વધુ ન હોય તેટલા દંડની શિક્ષા થઈ શકશે" એ શબ્દોને બદલે, "બે લાખ રૂપિયાનો દંડ(પેનલ્ટી) અને ઉલ્લંઘન ચાલુ રહે, ત્યારે તે ઉલ્લંઘન ચાલુ રહે તે દરમિયાન રોજના એક હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા.
૯	૧૯૪૭	મુંબઈનો ૧૧મો.	ગુજરાત ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬.	(૧) કલમ ૧૦૧માં, પેટા-કલમ (૩)માં, "તેને દોષિત ઠર્યેથી રૂ. ૫,૦૦૦ સુધીના દંડની શિક્ષા થઇ શકશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તે પચાસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો મૂકવા. (૨) કલમ ૧૦૨-ને બદલે, નીચેની કલમ મૂકવી:- **"૧૦૨. ગેરકાયદેસર તાળાબંધી અથવા ગેરકાયદેસર કારખાનાબંધી જાહેર કરવા બદલ દંડ (પેનલ્ટી).**- લેબર કોર્ટે ગેરકાયદેસર ઠરાવી હોય અથવા ઔદ્યોગિક કોર્ટે ગેરકાયદેસર જાહેર કરી હોય તેવી તાળાબંધી અથવા કારખાનાબંધી જે કોઇ માલિકે શરૂ કરી હોય તે, ઉલ્લંઘન કરવામાં આવે, ત્યારે તાળાબંધી અથવા યથાપ્રસંગ, કારખાના બંધીના કિસ્સામાં, દરેક કામદારે મેળવેલા ૬૦ દિવસના વેતન જેટલા દંડ(પેનલ્ટી)ને પાત્ર થશે, તાળાબંધી અથવા કારખાનાબંધી ગેરકાયદેસર ઠરાવ્યા અથવા જાહેર કર્યા બાદ અડતાળીસ કલાક વિત્યા પછી ચાલુ રાખવામાં આવે, ત્યારે આવું ઉલ્લંઘન થયા બાદ આવી તાળાબંધી અથવા કારખાનાબંધી ચાલુ રહે તે દરેક દિવસ માટે પાંચ હજાર રૂપિયાના વધારાના દંડને પાત્ર થશે.". (૩) કલમ ૧૦૩માં, "તેને દોષિત ઠર્યેથી રૂ. ૧૦ સુધીના દંડની શિક્ષા થઇ શકશે અને યથાપ્રસંગ તે હડતાળ અથવા કામબંધીને ગેરકાયદેસર ઠરાવવામાં અથવા જાહેર કરવામાં આવે ત્યારબાદ અડતાલીસ કલાક વીત્યા પછી તે હડતાળ અથવા કામબંધી ચાલુ હોય ત્યારે તેવી રીતે દોષિત ઠર્યા પછી હડતાળ અથવા કામબંધી ચાલુ રહે તે દરેક દિવસ માટે રૂ. ૧

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				સુધીના પણ વધારેમાં વધારે રૂ. ૫૦ સુધીના વધારાના દંડની શિક્ષા તેને થઇ શકશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તે, હડતાળ અથવા કામબંધીને ગેરકાયદેસર ઠરાવવામાં અથવા જાહેર કરવામાં આવે ત્યારબાદ અડતાળીસ કલાક વીત્યા પછી તે હડતાળ અથવા યથાપ્રસંગ, કામબંધી પર ચાલુ રહે તે દરેક દિવસ માટે દરેક કામદાર દ્વારા બસો રૂપિયાનો પણ વધારેમાં વધારે એકંદરે પચાસ હજાર રૂપિયા સુધીનો વધારાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૪) કલમ ૧૦૪માં,- (ક) "તેને દોષિત ઠર્યેથી ત્રણ મહિનાની મુદત સુધીની બેમાંથી ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા બંને શિક્ષા થઇ શકશે" એ શબ્દોને બદલે, "તે, પચાસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (ખ) તે હેઠળનો પરંતુક કમી કરવો. (૫) કલમ ૧૦૫માં, "તેવી કાર્યવાહીમાં જે પક્ષકારે માહીતી આપી હોય અથવા દસ્તાવેજ રજૂ કર્યો હોય તેણે કરેલી ફરિયાદ ઉપરથી તે વ્યક્તિને દોષીત ઠર્યેથી રૂ. ૧૦૦૦ સુધીના દંડની શિક્ષા થઇ શકશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તેવી કાર્યવાહીમાં જે પક્ષકારે માહિતી આપી હોય અથવા દસ્તાવેજ રજૂ કર્યો હોય તેણે કરેલી ફરિયાદ ઉપરથી તે વ્યક્તિ પચાસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૬) કલમ ૧૦૬માં,- (૧) પેટા-કલમ (૧)માં, "તેને દોષિત ઠર્યેથી રૂ. ૫,૦૦૦ સુધીના દંડની શિક્ષા થઇ શકશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તે, બે લાખ રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૨) પેટા-કલમ (૨)માં, "તેને, દોષિત ઠર્યેથી ત્રણ મહિના સુધીની કેદની અથવા ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે રૂ. ૫,૦૦૦ સુધીના દંડની અથવા બંને શિક્ષા થઇ શકશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તે, બે લાખ રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા; (૩) પેટા-કલમ (૩)માં, "કોઇ વ્યક્તિને દોષિત ઠરાવનાર કોર્ટ" એ શબ્દોને બદલે, "કોઇ વ્યક્તિ પર દંડ(પેનલ્ટી) લાદનાર સત્તામંડળ" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૭) કલમ ૧૦૬ક-માં, "તેને દોષિત ઠર્યેથી પચાસ રૂપિયા સુધીના દંડની શિક્ષા થઇ શકશે અને એવી રીતે સભ્યો નહીં નીમવાનું ચાલુ રહે ત્યારે, આવી રીતે સભ્યો નહિ નીમવાનું ચાલુ રહ્યું હોય તે દરેક દિવસ માટે પચાસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષા તેને થઇ શકશે" એ શબ્દોને બદલે, "તે, બે લાખ રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૮) કલમ ૧૦૬ખ-માં, "દોષિત ઠર્યેથી, પચાસ રૂપિયા સુધીના દંડની અને એવી કસુર ચાલુ રહે તો, એવી કસૂર ચાલુ રહી હોય તે દરેક દિવસ માટે પચાસ રૂપિયા સુધીના વધારાના દંડની શિક્ષાને પાત્ર

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				થશે" એ શબ્દોને બદલે, "બે લાખ રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૯) કલમ ૧૦૭માં, "તેને, દોષિત ઠર્યેથી રૂ. ૫૦૦ સુધીના દંડની શિક્ષા થઈ શકશે અને તેવા સ્થાયી હુકમનું ઉલ્લંઘન ચાલુ રહે ત્યારે, આવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટે રૂ. ૧૨૫ સુધીના વધારાના દંડની શિક્ષા તેને થઈ શકશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તે, પચાસ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) અને એવા સ્થાયી હુકમનું ઉલ્લંઘન ચાલુ રહે, તો એવું ઉલ્લંઘન ચાલુ રહ્યું હોય તે દરેક દિવસ માટે દિવસ દીઠ એક હજાર રૂપિયા સુધીનો વધારાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૧૦) કલમ ૧૦૮માં, "તેને, દોષિત ઠર્યેથી રૂ. ૫૦૦ સુધીના દંડની શિક્ષા થઈ શકશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તે, પચાસ હજાર રૂપિયાનો દંડ (પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૧૧) કલમ ૧૦૯માં, "તેને, દોષિત ઠર્યેથી તેવા ઉલ્લંઘન બદલ આ અધિનિયમથી અથવા તે મુજબ અન્યત્ર બીજી કોઇ શિક્ષા ઠરાવી ન હોય તો રૂ. ૧૦૦ સુધીના દંડની શિક્ષા થઈ શકશે અને આવી વ્યક્તિને આ અધિનિયમ અથવા તે મુજબ કરેલા કોઇ નિયમ મુજબ અગાઉ દોષિત ઠરાવવામાં આવી હોય ત્યારે તેને રૂ. ૨૦૦ સુધીના દંડની શિક્ષા થઈ શકશે" એ શબ્દો અને આંકડાને બદલે, "તે, તેવા ઉલ્લંઘન બદલ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ નિયમોથી અથવા તે હેઠળ અન્યત્ર બીજા કોઇ દંડની કોઇ જોગવાઇ ન કરવામાં આવી હોય, તો પચાસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે" એ શબ્દો અને કૌંસ મૂકવા. (૧૨) કલમ ૧૧૮ક પછી, નીચેની કલમ દાખલ કરવી:- **"૧૧૮કક. ગુનાની માંડવાળ.**- (૧) આ અધિનિયમ અથવા નિયમોની કોઈપણ જોગવાઈના ઉલ્લંઘનના કિસ્સામાં, સદરહુ કલમો હેઠળ સદરહુ ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરી શકશે. (૨) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલ અધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તેટલી રકમની ચુકવણી કર્યેથી, સદરહુ ગુનાના સંબંધમાં આરોપી વ્યક્તિની સામે કોઇ વધુ કાર્યવાહી કરવી જોઇશે નહિ અને કોઇ કાર્યવાહી અગાઉ કરવામાં આવી હોય, તો તે રદ થશે".
૧૦	૨૦૧૯	ગુજરાતનો ૪થો	ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯.	(૧) કલમ ૨૯ને બદલે, નીચેની કલમ મૂકવી:- **"૨૯. આ અધિનિયમની જોગવાઈઓના ઉલ્લંઘન માટે શિક્ષા.**- જે કોઇ વ્યક્તિ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તે આવા ઉલ્લંઘન માટે આ અધિનિયમથી અથવા તે હેઠળ અન્યત્ર બીજા કોઇ દંડની કોઇ જોગવાઇ ન કરવામાં આવી હોય, તો પચાસ હજાર રૂપિયા સુધીના દંડ (પેનલ્ટી)ને જવાબદાર થશે:

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				પરંતુ દંડની કુલ રકમ, કામે રાખેલા કામદાર દીઠ બે હજાર રૂપિયાથી વધુ હોવી જોઈશે નહિ.”. (૨) કલમ ૩૨-માં,- (૧) પેટા-કલમ (૧)માં, “તો તેને દોષિત ઠર્યે, પચાસ હજાર રૂપિયા સુધીની દંડની શિક્ષા થશે” એ શબ્દોને બદલે, “તે, પચાસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે” એ શબ્દો અને કૉંસ મૂકવા; (૨) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:- “(૨) જે કોઇ વ્યક્તિ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અનુસાર રાખેલા કોઇપણ રજિસ્ટર અથવા અન્ય દસ્તાવેજ, ઇન્સ્પેક્ટરની માંગ પર રજૂ કરવાનો ઇરાદાપૂર્વક ઇનકાર કરે અથવા કોઇપણ વ્યક્તિને આ અધિનિયમ હેઠળ તેની ફરજો અનુસાર કામ કરતા ઇન્સ્પેક્ટર સમક્ષ હાજર થવામાં અથવા તેના દ્વારા પૂછપરછ કરતા રોકે અથવા રોકવાનો પ્રયત્ન કરે અથવા તેને માનવાનું કારણ હોય તેવું તેને રોકવાનું કોઇ કૃત્ય કરે, તે પચાસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે: પરંતુ દંડ(પેનલ્ટી)ની કુલ રકમ, કામે રાખેલા કામદાર દીઠ બે હજાર રૂપિયા કરતા વધુ હોવી જોઈશે નહિ.”. (૩) કલમ ૩૩માં,- (૧) પેટા-કલમ (૨)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:- “(૨) પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શિક્ષાપાત્ર કોઇ ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરી શકશે.”; (૨) પેટા-કલમ (૩)ને બદલે, નીચેની પેટા-કલમ મૂકવી:- “(૩) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩(સન ૨૦૨૩ના ૪૬મા) માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, આ અધિનિયમ હેઠળ ઠરાવેલો દંડ(પેનલ્ટી) લાદી શકશે.”.
૧૧	૧૯૫૮	મુંબઇનો ૪૦મો.	ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮.	(૧) કલમ ૯માં, “તો તેને, ગુનો સાબિત થયેથી, દસ હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા થશે” એ શબ્દોને બદલે, “તે, દસ હજાર રૂપિયાનો દંડ(પેનલ્ટી) ચૂકવવાને જવાબદાર થશે” એ શબ્દો અને કૉંસ મૂકવા. (૨) કલમ ૧૦ પછી, નીચેની કલમ દાખલ કરવી:- **“૧૦ક. ગુનાની માંડવાળ.**- (૧) આ અધિનિયમ અથવા નિયમોની કોઇપણ જોગવાઇના ઉલ્લંઘનના કિસ્સામાં, સદરહુ કલમો હેઠળ સદરહુ ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઇ અધિકારીને અધિકૃત કરી શકશે. (૨) પેટા-કલમ (૧) હેઠળ નિમાયેલા અધિકારી દ્વારા નક્કી કરવામાં આવે તેટલી રકમની ચુકવણી કર્યેથી, સદરહુ ગુનાના સંબંધમાં આરોપી વ્યક્તિની

અનુ-ક્રમાંક	વર્ષ	ક્રમાંક	ટૂંકી સંજ્ઞા	સુધારા
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
				સામે કોઈ વધુ કાર્યવાહી કરવી જોઈશે નહિ અને કોઈ કાર્યવાહી અગાઉ કરવામાં આવી હોય, તો તે રદ થયેલી ગણાશે.”.

ઉદ્દેશો અને કારણો

સરકાર પોતાની પ્રજા અને સંસ્થાઓ પર વિશ્વાસ રાખે એ લોકશાહી શાસનનો મુખ્ય આધાર છે. જૂના થઈ ગયેલા નિયમો અને વિનિયમોની આંટીઘૂંટી વિશ્વાસના અભાવનું કારણ બને છે. તેથી, ઈઝ ઓફ લિવિંગ એન્ડ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ સુધારા હેઠળ કાયદાના નિયમનકારી પરિપ્રેક્ષ્યને પુન:વ્યાખ્યાયિત કરવાનું જરૂરી છે.

કાયદાના અનુપાલનનું ભારણ ઘટતા વેપાર પ્રક્રિયાની પુન:રચનાને વેગ મળે છે અને લોકોના જીવનની સુવિધામાં વધારો થાય છે અને તે હેતુ માટે, આ લક્ષ્યાંકો સિદ્ધ કરવા અનુપાલનને સરળ, ડિજિટલ અને ન્યાયસંગત બનાવવા જેવા શ્રેણીબદ્ધ ઉપાયો હાથ ધરવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાત રાજ્ય, રોકાણકારોનો વિશ્વાસ વધારીને ઘણા વર્ષોથી પસંદગીનું વૈશ્વિક રોકાણ સ્થળ બની રહેલ છે. નાના ગુના માટે કેદની સજાનો ડર - એ વેપાર, ઈકોસિસ્ટમ અને વ્યક્તિગત આત્મવિશ્વાસની વૃદ્ધિમાં અવરોધરૂપ મુખ્ય પરિબળ છે. સરકાર, તેથી, મોટી સંખ્યામાં નાના ગુનાને બિન-ગુનાહિત ગણીને તેને બદલે નાણાકીય દંડની જોગવાઈ કરવા વિચારણા કરી રહી છે. સરકાર, આવા પગલાં લઈને, જીવન અને વેપારને વધુ સરળ બનાવવા અને કોર્ટના ભારણને ઘટાડવા અથાગ પ્રયત્ન કરી રહી છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઈને, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧, ગુજરાત ખેત-ઉત્પન્ન અને ખરીદ-વેચાણ (ઉત્તેજન અને સરલીકરણ) અધિનિયમ, ૧૯૬૩, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨, ગુજરાત ઘર વપરાશ પાણી પુરવઠા (સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૯, ગુજરાત મજૂર કલ્યાણ ફંડ અધિનિયમ, ૧૯૫૩, ગુજરાત ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ અને ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮-ની અમુક જોગવાઈઓ સુધારવા ધાર્યું છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

બલવંતસિંહ રાજપૂત,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીની જોગવાઈ કરી છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૩.- (૧) અનુસૂચિની નોંધ ૧ના પરિચ્છેદ (૧૩)થી, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧માં દાખલ કરવા ધારેલ નવી કલમ ૧૪૯ ક-થી, સદરહુ કલમ ૧૪૯ ક-માં જણાવ્યા પ્રમાણે ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરવાની સત્તા મળે છે.

(૨) અનુસૂચિની નોંધ ૩ના પરિચ્છેદ (૫)થી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬માં દાખલ કરવા ધારેલ નવી કલમ ૧૦૫ ક-થી, સદરહુ કલમ ૧૦૫ ક-માં જણાવ્યા પ્રમાણે ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરવાની સત્તા મળે છે.

(૩) અનુસૂચિની નોંધ ૪ના પરિચ્છેદ (૪૨)થી, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં, દાખલ કરવા ધારેલ નવી કલમ ૨૬૯ ક-થી, સદરહુ કલમ ૨૬૯ ક-માં જણાવ્યા પ્રમાણે ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરવાની સત્તા મળે છે.

(૪) અનુસૂચિની નોંધ ૪ના પરિચ્છેદ (૫)થી, ગુજરાત ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯માં દાખલ કરવા ધારેલ નવી કલમ ૪૦૨ ક-થી, સદરહુ કલમ ૪૦૨ ક-માં જણાવ્યા પ્રમાણે ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરવાની સત્તા મળે છે.

(૫) અનુસૂચિની નોંધ ૮ના પરિચ્છેદ (૪)થી, ગુજરાત મજૂર કલ્યાણ ફંડ અધિનિયમ, ૧૯૫૩માં દાખલ કરવા ધારેલ નવી કલમ ૧૭ છ-થી, સદરહુ કલમ ૧૭ છ-માં જણાવ્યા પ્રમાણે ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરવાની સત્તા મળે છે.

(૬) અનુસૂચિની નોંધ ૯ના પરિચ્છેદ (૧૨)થી, ગુજરાત ઔદ્યોગિક સંબંધ અધિનિયમ, ૧૯૪૬માં, દાખલ કરવા ધારેલ નવી કલમ ૧૧૮ કક-થી, સદરહુ કલમ ૧૧૮ કક-માં જણાવ્યા પ્રમાણે ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરવાની સત્તા મળે છે.

(૭) અનુસૂચિની નોંધ ૧૧ના પરિચ્છેદ (૨)થી, ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ, ૧૯૫૮માં, દાખલ કરવા ધારેલ નવી કલમ ૧૦ ક-થી, સદરહુ કલમ ૧૦ ક-માં જણાવ્યા પ્રમાણે ઉલ્લંઘનના માંડવાળની પરવાનગી આપવા માટે, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, આવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કસૂરવાર પાસેથી સ્વીકારવા માટે કોઈ અધિકારીને અધિકૃત કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૬મી ઓગસ્ટ, ૨૦૨૫. **બલવંતસિંહ રાજપૂત.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,

તારીખ: ૨જી સપ્ટેમ્બર, ૨૦૨૫. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2025.11.06 21:48:44 IST